# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

## ''વિજેતા'' પ્રાર્થના કેલેન્ડર - માર્ચ, ૨૦૨૪

### પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) કોઈ ખલેલ નહિ : ઘણી બાબતો આપણને ખલેલ પહોંચાડે છે. પ્રાર્થના કરો કે આપણે ઈશ્વરની નીકટતા મેળવવા માટે આપણા અંગત સમયને અગ્રિમતા આપનાર પુરુષો બનીએ. ''પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે.'' (માથ્થી ૬:૩૩)

(૨) રૂપાંતર : જગત આપણને તેમનામાં ઢાળવા માટે પ્રયત્ન કરે છે. ઈશ્વરના વચનમાં મનના નવીનીકરણમાં રૂપાંતરિત થવા માટે પુરુષો માટે પ્રાર્થના કરો. ''આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો.'' (રોમન ૧૨:૨)

(૩) સમર્પણ કરવું : ખલેલ એટલે બેધ્યાન થવું. ઈશ્વરની પાછળ ચાલવાનું આવે ત્યારે આપણે આત્મિક રીતે ઊંડાણમાં ચાલીએ એ માટે પ્રાર્થના કરો. ''માટે તમે દેવને આધીન થાઓ; પણ શેતાનની સામા થાઓ, એટલે તે તમારી પાસેથી નાસી જશે.'' (યાકૂબ ૪:૭)

(૪) ઈશ્વરનો આશ્રય : જીવનના દરેક ક્ષેત્રમાં ઈશ્વરની હાજરીનો અનુભવ કેળવવા માટે પુરુષો માટે પ્રાર્થના કરો. ''પરાત્પરના ગુપ્તસ્થાનમાં જે વસે છે તે સર્વસમર્થની છાયામાં રહેશે.'' (ગી.શા. ૯૧:૧)

(૫) ઈશ્વરનું વચન : હે ઈશ્વર, અમને અમારા હૃદયમાં તમારાં વચન સંઘરવાની ઈચ્છા અને શિસ્ત આપો, જેથી અમે તમારી વિરુદ્ધ પાપ ન કરીએ. ''હું તારી વિરુદ્ધ પાપ ન કરું માટે મેં તારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે.'' (ગી.શા. ૧૧૯:૧૧)

(૬) સાચી ભલાઈ : વ્હાલા પ્રભુ ઈસુ, મેં વિચાર્યું કે હું સારું કરું છું એટલે હું સારો છું, પણ હવે હું સમજું છું કે સર્વ સાચી ભલાઈનો સ્રોત ફક્ત તમારા તરફથી જ આવે છે. હું કબુલ કરું છું કે મેં જે માનવીય ભલાઈ કરી છે તે કેવળ મેંલા ચીંથરા સમાન છે. કૃપા કરીને મને સારું કરવા સક્ષમ કરો, કારણ કે તમે મારા દ્વારા તમારું જીવન જીવો છો. (માથ્થી ૧૯:૧૭,૨૬)

(૭) ઈશ્વર એક બાબત : હે પ્રભુ ઈશ્વર, હું ગુંચવણમાં પડ્યો છું, તમે મને નવી શરૂઆત સાથે પ્રારંભ કરવાની રીત બતાવો. જ્યાં કોઈ માર્ગ નથી ત્યાં માર્ગ બતાવવા માટે હું તમને જણાવું છું. હું મારા માર્ગોને તમને સોંપું છું. મારા માર્ગમાં તમારી તરફ સતત દૃષ્ટિ રાખવા મને સહાય કરો. તમે મને જ્યાં કંઈ દોરી શકો ત્યાં મને હિંમતથી વિશ્વાસથી બહાર નીકળવાની કૃપા આપો. (યશાયા ૪૩:૧૯)

(૮) મુખ્ય ગુરુ : હે ઈશ્વર, મેં એક સારા શિષ્ય બનવા માટે ખૂબ પ્રયત્નો કર્યાં છે, પરંતુ હું નિષ્ફળ ગયો છું. તમે જ મને સારો શિષ્ય બનાવી શકો છો. તમે મારા સારા ગુરુ છો. કૃપા કરીને મારા દ્વારા તમારું જીવન જીવો. મને સાચો શિષ્ય બનાવવા બદલ તમારો આભાર. (માથ્થી ૫:૧-૨)

(૯) ખરું ન્યાયીપણું : હે ઈશ્વર, મને તમારા માટે કોઈપણ બાબત કરતાં વધુ સ્થાન આપવા સહાય કરો. તમારા ન્યાયીપણાના જીવન માટેની ભૂખ અને તરસ મારામાં ઉત્પન્ન કરો. જો એકવાર હું તમારાથી ભરપૂર થઈશ તો મારી પાસે સર્વસ્વ હશે. હું તમને તમારા ન્યાયી જીવનથી ભરવા વિનંતી કરું છું. મને તમારું જીવન આપવા અને મારી બધી જરૂરીયાતો પૂરી પાડવા બદલ તમારો આભાર. (માથ્થી ૫:૬)

(૧૦) શાંતિના સ્થાપકો : વ્હાલા ઈશ્વર, સંઘર્ષ અને લડાઈઓથી ભરેલી દુનિયામાં અમને શાંતિની ખૂબ જ જરૂર છે. તમે એકલા જ શાંતિના સ્રોત અને સાચા શાંતિદાતા છો. હું મારા જીવનમાં તમારી શાંતિને અવરોધનાર તમામ નકારાત્મક દલીલોવાળા વલણોને નકારું છું. મને તમારા આત્માથી ભરો અને મને શાંતિ સ્થાપનાર બનાવો. (માથ્થી ૫:૯)

(૧૧) તિરસ્કાર : ''પણ હું તમ સાંભળનારાઓને કહું છું કે, તમારા વૈરીઓ પર પ્રેમ કરો, જેઓ તમારો દ્વેષ કરે છે તેઓનું ભલું કરો.'' (લૂક ૬:૨૭) જે પણ તિરસ્કાર ઉત્પન્ન થાય છે તે શેતાનથી હોય છે. ઈસુ ખ્રિસ્તે ઈશ્વરનો માર્ગ દર્શાવ્યો. ઈશ્વરના આત્માથી દોરાનાર પુરુષ બનવા માટે પ્રાર્થના કરો અને ઈશ્વરીય પ્રેમથી જીવવા તૈયાર રહો.

(૧૨) માફી : ‘‘પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારો બાપ તમારા અપરાધ પણ તમને માફ નહિ કરશે.’’ (માથ્થી ૬:૧૫) વધસ્તંભ પરના કાર્યની નવી સમજ માટે પ્રાર્થના કરો અને ઈશ્વરે તમારાં ભારે પાપોને માફ કર્યા છે. પછી ઈશ્વરે તમને જે કૃપા આપી છે તે કૃપાથી માફી આપવી સરળ બનશે.

(૧૩) ભજન : ‘‘પણ એવી વેળા આવે છે, અને હાલ આવી છે કે, જ્યારે ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે; કેમ કે એવા ભજનારાઓને બાપ ઈચ્છે છે.’’ (યોહાન ૪:૨૩) જ્યારે કોઈ સંસ્કૃતિ બાઈબલનાં ધોરણોને નકારી કાઢે છે અને સાચું કે ખોટું પસંદ કરતા પહેલાં વ્યક્તિગત અધિકારો મૂકે છે, ત્યારે તે મૂર્તિપૂજક બની જાય છે. આત્માથી ભજનાર બનો કારણ કે તમે નમ્રતાપૂર્વક ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ થયેલાં ઈશ્વરના સત્યને સમર્પિત થયા છો.

(૧૪) જ્ઞાન :પ્રત્યેક ડાહ્યો માણસ બુદ્ધિથી કામ કરે છે; પણ મૂર્ખ પોતાની મૂર્ખાઈ ફેલાવે છે.’’ (નીતિવચનો ૧૩:૧૬) અનુભવ કે શિક્ષણ દ્વારા જે પ્રાપ્ત થાય છે તે જ્ઞાન છે. ઈશ્વરનું ડહાપણ તમારા હૃદયમાં આવે તે માટે ઈશ્વરને જણાવો. જેથી તમે તમારા કુટુંબમાં અને ઈશ્વર તમને જ્યાં કંઈ મૂકે ત્યાં સમજદાર આગેવાની આપી શકો.

(૧૫) માછીમાર : ‘‘અને ઈસુએ તેઓને કહ્યું કે, મારી પાછળ આવો, ને હું તમને માણસોને પકડનારા કરીશ.’’ (માર્ક ૧:૧૭) વિશાળ સમુદ્રમાં ખોવાયેલી માછલીની જેમ પાપે માણસને તેમના ઉત્પન્નકર્તાથી દૂર કર્યા, પરંતુ ખ્રિસ્ત સર્વ માણસોને પોતાની તરફ ખેંચવા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા. (યોહાન ૧૨:૩૨) માણસોના પકડનાર બનવાની કળા શીખનાર શિષ્ય બનવા માટે પ્રાર્થના કરો.

(૧૬) નવો જન્મ : ‘‘નિકોદેમસ તેને કહે છે કે, માણસ ઘરડો થઈને જન્મ કેમ પામી શકે ? તે શું બીજી વાર પોતાની માના ઉદરમાં પેસીને જન્મ લઈ શકે છે ?’’ (યોહાન ૩:૪) માત્ર એક ચમત્કાર પાપ અને ઉલ્લંઘનમાં મરણ પામેલા માનવ આત્મામાં નવું જીવન લાવી શકે છે. તેથી જ ઈસુ આપણા પાપનો દંડ વધસ્તંભ પર ચૂકવીને મૃત્યુ પામ્યા. તેમનામાં વિશ્વાસ દ્વારા આપણે નવું જીવન પ્રાપ્ત કરીએ છીએ અને ઈશ્વરના કુટુંબમાં જન્મ પામીએ છીએ. શું તમે નવો જન્મ પામ્યા છો ?

(૧૭) લાભ : લાભ માટે માલ અને સેવાઓનું વિનિમય એ મહેનતુ અને કાર્યક્ષમ લોકોને બદલો આપવાનો એક સારો માર્ગ છે, પરંતુ જીવન પૈસાથી ખરીદી શકાય તે કરતાં વિશેષ છે. તેથી તમારા હૃદયને ઈશ્વરના રાજ્યનાં અનંતકાળિક મૂલ્યોમાં રોકાણ કરો. ‘‘કેમ કે જો કોઈ માણસ આખું જગત મેળવીને પોતાનો આત્મા ખોએ, અથવા તેની હાનિ પામે, તો તેને શો લાભ ?’’ (લૂક ૯:૨૫)

(૧૮) પુખ્તતા : માર્ગદર્શનના અભાવે ઘણા કિશોરો વિકાસના લક્ષ્યોને ચૂકી જાય છે અને મોટા થવાનો ડર રાખે છે. તમારાં બાળકોને ઉત્તેજના સાથે પુખ્ત બનવામાં સહાય કરો. ‘‘જ્યારે હું બાળક હતો, ત્યારે બાળકની પેઠે બોલતો હતો, બાળકની પેઠે વિચારતો હતો, બાળકની પેઠે સમજતો હતો; પણ હવે મોટો થયા પછી મેં બાળકની વાતો મૂકી દીધી છે.’’ (૧ કરિંથી ૧૩:૧૧)

(૧૯) વિશ્વાસનો સામનો : જીવન એ ખરા અને ખોટાની પસંદગી કરવાની સતત તક છે. વચન દ્વારા આપણી પાસે અનંત ખડક પર ઊભા રહેવા માટે અને કોઈપણ આત્મિક યુદ્ધ લડવા માટેનું આત્મિક શસ્ત્ર છે. ઈશ્વર તમારા સહાયક છે. તેની સાથે તમે શેતાનની સામે બહુમતીમાં છો. ‘‘તમે વિશ્વાસમાં દૃઢ રહીને તેની સામા થાઓ.’’ (૧ પિતર ૫:૯)

(૨૦) ગુસ્સો : ‘‘કેમ કે માણસના ક્રોધથી દેવનું ન્યાયીપણુ પાર પડતું નથી.’’ (યાકૂબ ૧:૨૦) જો તમે ગરમ સ્વભાવના પુરુષ છો તો આજથી તમારા જીવનની સૌથી મહત્વપૂર્ણ લડાઈ શરૂ કરો. તમારી ઈચ્છા પર વિજય પામવા માટે પ્રાર્થના કરો. કારણ કે તમે ખ્રિસ્તના શિષ્ય બનવા માટે સમર્પિત થયા છો. વિશ્વાસ કરો કે તે તમારા ગુસ્સા પર કાબૂ રાખવા સક્ષમ છે.

(૨૧) માત્ર થોડા : ‘‘કેમ કે જે માર્ગ જીવનમાં પહોંચાડે છે, તે સાંકડો છે, ને તેનું બારણું સાંકડું છે, અને જેઓને તે જડે છે તેઓ થોડા જ છે.’’ (માથ્થી ૭:૧૪) જો તમે સુવાર્તા પ્રચાર કરવા માટે ઉત્સાહી છો અને થોડા લોકોને જ ખ્રિસ્ત પાસે આવતા જુઓ તો પણ તે કામ છોડી દેશો નહિ. તમે શુદ્ધ પાત્ર બનવા પ્રાર્થના કરો. ખ્રિસ્તના જીવનને તમારા દ્વારા પ્રતિબિંબિત થવા દો.

(૨૨) શાસન : ‘‘નેકીવાનો અધિકાર પર હોય છે ત્યારે લોકોને આનંદ થાય છે; પણ દુષ્ટ માણસ અધિકાર ધારણ કરે છે ત્યારે લોક નિસાસા નાખે છે.’’ (નીતિવચનો ૨૯:૨) સુવાર્તા પ્રચાર નૈતિક મૂલ્યોને પ્રોત્સાહન આપે છે અને ન્યાયી જીવનને ઉત્તેજન આપે છે. આશાના સંદેશવાહક બનો અને અધિકારીઓ સાચું શું છે તે જાણો અને ઈશ્વરના ભયમાં શાસન કરે તે માટે પ્રાર્થના કરો.

(૨૩) અક્કડ ગરદન : ''જે માણસ વારંવાર ઠપકો પામ્યા છતાં પોતાની ગરદન અક્કડ રાખે છે. તે અકસ્માત નાશ પામશે, અને તેનો કંઈ ઉપાય રહેશે નહિ.'' (નીતિવચનો ૨૯:૧) ખરું પુરુષત્વ એ કાબુમાં રાખેલી શક્તિ છે અને અન્યના ભલા માટે રોકાણ કરવામાં આવે છે, પરંતુ તમામ માનવીય પ્રયત્નો ખામીયુક્ત છે અને આપણ બધાને સુધારાની જરૂર છે. જ્યારે ઠપકો આપવામાં આવે ત્યારે આધીન થવા માટે સાચી નમ્રતા દર્શાવવા માટે પ્રાર્થના કરો. અકકડ ગરદન ન કરશો.

(૨૪) છુટકારો : ''જેઓને મોતમાં ઘસડી લઈ જવામાં આવે છે તેઓને છોડાવ, અને જેઓ માર્યા જવાની તૈયારીમાં છે તેઓને છોડાવવાનું ચૂકતો નહિ.'' (નીતિવચનો ૨૪:૧૧) વિશ્વવ્યાપી જાતીય સતામણી અને સ્ત્રી સાથેનો ઘરેલુ દુર્વ્યવહાર એ શેતાનનું કામ છે. ખ્રિસ્ત દરેક સ્ત્રી માટે સ્વતંત્રતા અને સન્માન લાવવા માંગે છે. સ્ત્રીઓના છુટકારા માટે સભાનપણે ઉત્તેજન આપનાર પુરુષ બનો.

(૨૫) પાપનો ત્યાગ : ''તો આપણી આસપાસ શાહેદોની એટલી મોટી વાદળારૂપ ભીડ છે, માટે આપણે પણ દરેક જાતનો બોજો તથા વળગી રહેનાર પાપ નાખી દઈએ, અને આપણે સારુ ઠરાવેલી શરતમાં ધીરજથી દોડીએ.'' (હિબ્રુ ૧૨:૧) ''દુષ્ટ જ્યાં સુધી પ્રભાવશાળી ન હોય ત્યાં સુધી સહનશીલતા શીખવે છે.'' આ વિધાન આપણા સમાજ અને આપણા પોતાના અંગત જીવનને લાગુ પડે છે. તમારી પસંદગીઓમાં સમજદાર બનો અને પવિત્ર જીવન જીવવા માટે દઢ બનો, કારણ કે પવિત્રતા વિના કોઈ ઈશ્વરને જોઈ શકશે નહિ.

(૨૬) સોંપવું : ''દેવનું જ્ઞાન મનમાં રાખવાનું તેઓને ગમ્યું નહિ, માટે જે ઉચિત નથી, એવાં કામ કરવાને સારુ દેવે તેઓને ભ્રષ્ટ બુદ્ધિને સ્વાધીન કર્યા.'' (રોમન ૧:૨૮) પવિત્ર આત્માને નકારનાર વ્યક્તિ સાથે જે ખરાબ થઈ શકે છે તે ઈશ્વર દ્વારા સોંપવામાં આવે છે. સાવધ રહો ! સંવેદનશીલ હૃદય માટે પ્રાર્થના કરો અને ઈશ્વરના ઝીણા અવાજને આધીન થાઓ.

(૨૭) વિપરિત પરિસ્થિતિ : ''તો પણ હું યહોવામાં હર્ષ પામીશ; હું મારા મોક્ષદાતા દેવમાં આનંદ કરીશ.'' (હબાક્કૂક ૩:૧૮) ઈશ્વરના ભટકી ગયેલા લોકો માટેના અનંતકાળિક હેતુઓમાં દુઃખ અને સંકટના સમયનો સમાવેશ થાય છે. તેમ છતાં, હબાક્કૂક પ્રબોધકે કર્યું તેમ પરિણામ માટે આપણે હંમેશા તેના પર વિશ્વાસ રાખી શકીએ છીએ. તમારા મુશ્કેલ સંજોગો હોવા છતાં ઈશ્વરને માન આપવાનું વિચારો.

(૨૮) વ્યાકુળતા : ''કેમ કે મારું હૃદય વ્યાકુળ થયું, અને મારું અંતઃકરણ દાઝ્યું;'' (ગી.શા. ૭૩:૨૧) અન્યાય સહન કરીને અને સજા વિના દુષ્ટતા જોવાથી કંટાળી જવું સહેલું છે. તે ક્ષણોમાં તમારા ઘૂંટણો વાળો અને તમારી લાગણીઓ અને દૈહિક જુસ્સાથી મુક્ત થવા માટે પ્રાર્થના કરો.

(૨૯) પવિત્ર સ્થાન : ''ત્યાં સુધી કે મેં ઈશ્વરના પવિત્રસ્થાનમાં જઈને તેઓનો અંત ધ્યાનમાં લીધો.'' (ગી.શા. ૭૩:૧૭) ઈશ્વર આત્માથી અને સત્યતાથી ભજનારાને શોધે છે. ઈશ્વરની હાજરીમાં રહેવા સમય કાઢો અને તેને વચન અને પ્રાર્થના દ્વારા તમારી સાથે વાત કરતા સાંભળો. તે તમને જીવનમાં ખરેખર જે મહત્વનું છે તેની સમજ આપશે.

(૩૦) પૂરું પાડનાર : ઈશ્વર પ્રત્યેની વફાદારીમાં આપણે આપણાં જીવન માટેની તેમની કાળજીનો અનુભવ કરીએ છીએ. કારણ કે જ્યારે બાઈબલના સિદ્ધાંતોને વળગી રહેવાને કારણે નુકસાન થાય છે, ત્યારે ઈશ્વર તેમના બાળકોને પૂરું પાડવા માટે વિશ્વાસુ છે. ''તને એ કરતાં પણ વિશેષ આપવાને યહોવા સમર્થ છે.'' (૨ કાળવૃત્તાંત ૨૫:૯) હે ઈશ્વર, અમને સમજદાર બનવા અને ભ્રષ્ટાચાર અને સરળ લાભ લેવાનું ટાળવામાં મદદ કરો.

(૩૧) શાંતિ : બિલ ચૂકવવુ, કામ પરનો કંટાળો, કાર્યો પૂરાં કરવાં જેવાં ઘણાં કારણો તણાવ તરફ દોરી જાય છે અને આપણાં વ્હાલાંઓ (સ્વજનો) પ્રત્યેની પ્રતિક્રિયા વિસ્ફોટ બની શકે છે. નીતિવચનો ૧૫:૧ આપણને યાદ અપાવે છે કે ''નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે; પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે.'' મારામાં ઈશ્વર વસે છે. હું દેહની પ્રેરણાથી નહિ પરંતુ આત્માથી જવાબ આપીશ.

ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા
પો.બો. નં. ૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨
**M. No. : 9327621391**
**Free MP3 download : radio882.com, twr media app**
**FB : https://www.facebook.com/twrgujarati/**
**Youtube : youtube.com/c/twrindiagujarati**
**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**
**Gujarati TV Program : Gujarat First Channel, Time : 06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**